## જન્મદિને વધામણી


જૈમિન શુક્લ
મો. ૯૬૮૭૯ ૬૪૬૮૬


ચારૂલતા ડી રાવલ
મો. ૯૭૨૩૮ ૯૪૮૮૧


મહેશ ડી ઠાકોર
મો. ૯૭૧૨૫ ૮૩૨૬૩


મેઘ ઉર્વેશભાઈ રાવલ
મો. ૯૭૧૨૫ ૮૩૨૬૩


દક્ષ ભરતભાઈ વાઘેલા
મો. ૭૩૮૩૯ ૬૪૧૬૬


હિત ચંદ્રેશભાઈ ચૌધરી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# ભેદ સૌ પાણીના ખોલે તો સારું મૂંગું આ વાદળ જો બોલે તો સારું



### કવિ સંમેલનમાંથી...

એટલે પરિણામ પરબારું હતું
હાથમાં ક્યાં ટાંકણું મારું હતું
દોષ દીવાનો હવે શું કાઢવો
સૂર્યની નીચે જ અંધારું હતું
- રક્ષા શુક્લ

ભેદ સૌ પાણીના ખોલે તો સારું
મૂંગું આ વાદળ જો બોલે તો સારું
- રાધિકા પટેલ

છબી કોઈ ખેંચો તરત આ ક્ષણે
આ એકાદ વરસે હસાયું હશે
- હરદ્વાર ગોસ્વામી

તમે આવ્યાં ઘણું સારું થયું
અહીંયા સ્હેજ અજવાળું થયું
- મનિષ પાઠક 'શ્વેત'

નાનું અમથું કામ તમારે કરવાનું છે
પરપોટાની વચ્ચે પાણી ભરવાનું છે
- જયંત ડાંગોદરા

સાવ પથ્થરના ઘરે કંઈક પથ્થર જીવતા
કાચ જેવી ચકચકિત સમજણ નથી એ બારણે
- ચેતન શુક્લ

જ્યારે જગતમાં કોઈકને આફત નડી હશે
ત્યારે જ ભજવાની ખુદાને આદત પડી હશે
- ડૉ. રમેશ મહેતા 'સ્વયમ્'

ગાંધીનગર, તા. ૨૮

ઍમ જે લાયબ્રેરી, અમદાવાદ ખાતે જાણીતા કવિ ડૉ. રમેશ મહેતા 'સ્વયમ્'ના ગઝલસંગ્રહ 'મૌન મિજલસ'ના વિમોચન નિમિત્તે કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાહિત્યકાર યશવંત મહેતાના વરદ હસ્તે ગઝલસંગ્રહનું વિમોચન થયું હતું. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે દિનકરભાઈ દેસાઈ, ડૉ. બહેચરભાઈ પટેલ, ડૉ. બિપીનચંદ્ર મોદી ઉપસ્થિત રહ્યા હતા. પુસ્તક વિમોચન કાર્યક્રમનું સંચાલન કવિ હસમુખ શાહ 'બેઝાર' દ્વારા કરવામાં આવ્યું હતું.

કવિ સંમેલનમાં ડૉ. રમેશ મહેતા 'સ્વયમ્', યશવંત મહેતા, મનિષ પાઠક 'શ્વેત', હરદ્વાર ગોસ્વામી, કૃષ્ણ દવે, હસમુખ શાહ, રક્ષા શુક્લ, રાધિકા પટેલ, જયંત ડાંગોદરા, ચેતન શુક્લએ પોતાની કવિતાનો પાઠ કર્યો હતો. કવિ સંમેલનનું સંચાલન મનિષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. રમેશ મહેતાના પરિવારજનો ઉપરાંત શહેરના જાણીતા કવિઓ અને કવિતાના ચાહકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઍસ જી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં બાળકો દ્વારા સ્વચ્છતા કાર્યક્રમ



વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે તે હેતુસર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ જી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં બુધવારે શાળાનાં આચાર્ય મિલિ સિંહના માર્ગદર્શન હેઠળ સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૫ થી ૮ના વિદ્યાર્થીઓએ આ સફાઈ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સૌ બાળકોએ પોતાના વર્ગ અને મજલાની સફાઈ કરી સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવી હતી.

# ઍન્જિનીયરિંગની ખાલી બેઠકો પર હવે બી ગૃપના વિદ્યાર્થીઓને પ્રવેશ

## અલબત્ત, વિદ્યાર્થીઓએ ધો-૧૧-૧૨ સાયન્સના ગણિતનો કોર્સ બે મહિનામાં શીખવાનો રહેશે ને ઑગષ્ટમાં પરીક્ષાય આપવી પડશે

ગાંધીનગર, તા. ૨૯

એન્જિનિયરિંગમાં બેઠકો ખાલી પડતી હોઈ બી ગૃપના વિદ્યાર્થીઓના પ્રવેશ માટે સરકારે દ્વાર ખોલી નાંખ્યા છે. અલબત્ત, તે માટે વિદ્યાર્થીઓએ મહેનત કરવી પડશે ને મર્યાદિત સમયમાં પરીક્ષા માટે તૈયાર પણ રહેવું પડશે.

માર્ચ-૨૦૧૬માં પાસ થયેલા બી ગૃપના વિદ્યાર્થીઓએ માત્ર ગણિતની પરીક્ષા આપવાની રહેશે અને પરીક્ષા પાસ થયા બાદ તેઓ એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવી શકશે. હવે આ પરીક્ષા બોર્ડ દ્વારા ઓગસ્ટના અંતમાં લેવાની જાહેરાત પણ કરી દેવાઈ છે. પરીક્ષા ધો-૧૧-૧૨ના અભ્યાસક્રમ આધારિત હશે. જો કે વિદ્યાર્થીઓ પાસે બે વર્ષનો કોર્સ તૈયાર કરવા માટે માંડ બે માસનો જ સમય બાકી રહ્યો છે.

નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે ગણિતની તૈયારી માટે બે માસનો સમય પૂરતો નથી. આટલા સમયમાં તો વિદ્યાર્થીઓ ગણિતનું બેઝિક પણ સમજી નહીં શકે. અલબત્ત, સરકારે આ પરીક્ષામાં પાસ થવા માટે કેટલા માર્ક લાવવાના રહેશે તે નક્કી કર્યું નથી. એન્જિનિયરિંગમાં ખાલી પડતી બેઠકો ભરવા માટે કદાચ ગુજકેટની જેમ ગણિતની પરીક્ષામાં આપનારા તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ માટે લાયક ગણવામાં આવે તો નવાઈ નહીં.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
જુનૂનિયત
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
રમન રાઘવ
૭.૦૦

**સ્ક્રીન-૩**
ઈન્ડીપેન્ડન્સ ડે (૩ડી, અંગ્રજી)
૨.૪૫, ૭.૪૫
ઈન્ડીપેન્ડન્સ ડે (૩ડી, હિન્દી)
૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
જુનૂનિયત
સવારે ૧૦.૦૦
દાવ થઈ ગયો યાર (ગુજરાતી)
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
૭ અવર્સ ટુ ગો
૬.૪૫

**સ્ક્રીન-૫**
ઉડતા પંજાબ
૩.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
રમન રાઘવ
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦

# સ્વ પરિવર્તનથી થશે વિશ્વ પરિવર્તન : ન્યાયમૂર્તિ ઈશ્વરૈયા

ગાંધીનગર, તા. ૨૮

જ્ઞાન સરોવર, માઉન્ટ આબુના હાર્મની હૉલમાં બ્રહ્માકુમારીઝ અને આરઈઆરઍફની ભગિની સંસ્થા ન્યાયવિદ પ્રભાગના સંયુક્ત ઉપક્રમે એક અખિલ ભારતીય સંમેલનનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય વિષય હતો 'કાયદામાં નૈતિક મૂલ્યો અને નૈતિકતાની ભૂમિકા'.

આંધ્ર પ્રદેશ હાઈકૉર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ અને રાષ્ટ્રીય વંચિત વર્ગ આયોગના અધ્યક્ષ વી ઈશ્વરૈયાએ આ કાર્યક્રમનું પ્રમુખપદ શોભાવતાં જણાવ્યું હતું કે, 'એ દુખની વાત છે કે આજે ન્યાયમૂર્તિઓ અને ઍડવોકેટ્સના જીવન વિશે વાત કરવાની જરૂરત આવી પડી છે કેમકે એમનાં જીવનમાંથી પણ મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે. જ્યારે આપણે આપણા જીવનમાં મૂલ્યો ઉમેરીએ છીએ ત્યારે આપણાં સંતાનો આસપાસના અન્ય લોકો પણ એ મૂલ્યોને અપનાવે છે.'

મધ્ય પ્રદેશ હાઈકૉર્ટના ન્યાયમૂર્તિ ઍમ કે મુદ્દલે અતિથિ વિશેષ પદેથી બોલતાં જણાવ્યું હતું કે, 'નૈતિક મૂલ્ય અને આપણી નૈતિકતા પૂર્ણતાને આરે પહોંચી છે ને એ કારણે આજે વિશ્વ આતંકવાદથી પ્રભાવિત છે. આપણે નૈતિકતા ગૂમાવી છે તેથી જ આજે ન્યાય મેળવવામાં વિલંબ થઈ રહ્યો છે. મૂલ્યોની હિનતાને કારણે જ સમાજ ગર્તામાં ચાલ્યો ગયો છે. સમયબદ્ધતા એક ઉત્તમ મૂલ્ય છે, એનું પણ ધ્યાન રાખવું જોઈએ.'

નેપાળ સર્વોચ્ચ ન્યાયાલયના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ રામ કુમાર પ્રસાદ શાહે વિષય પરત્વે બોલતાં જણાવ્યું હતું, 'ભૌતિકતાને કારણે આપણા જીવનમાંથી મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે, પરંતુ આપણે નૈતિકતાને જીવનમાં સ્થાન આપવું જ રહ્યું.'

'નૈતિકતા અને મૂલ્યો સિવાય કોઈપણ કાયદો બનાવી શકાતો નથી' એમ જણાવતાં ગુજરાત હાઈકૉર્ટના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ તથા દિલ્હી વિધિ આયોગના સદસ્ય રવિ ત્રિપાઠીએ ઉમેર્યું હતું કે, 'વિધિનિર્માતાઓએ પહેલાં પોતાનું જીવન મૂલ્યવાન બનાવવું પડશે. પોતાની નૈતિકતાને જાળવીને તમે જ્યારે ન્યાય આપો છો ત્યારે તે શ્રેષ્ઠ હોય છે અને સ્વીકાર્ય પણ હોય છે.'

ઓરિસ્સા હાઈકૉર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ બી કે પટેલે જણાવ્યું, 'કાયદા નૈતિક મૂલ્યોને આધારે જ બનાવવામાં આવે છે, હા ક્યારેક એવું બનતું નથી. ન્યાય પ્રણાલિએ મૂલ્યોના આધારે જ ચાલવું જોઈએ અન્યથા સામાજિક અન્યાય ઊભો થશે.'

ઍસ કે મોહંતીએ એક વાર્તાના માધ્યમથી પોતાની વાત વ્યક્ત કરી, 'ખિસકોલી ઉપર ભગવાન રામનો પગ પડી ગયો, એ દબાઈ ગઈ પણ એણે ઉંહકારોય ન કર્યો. ભગવાન રામનું ધ્યાન પડ્યું તો તેમણે ખિસકોલીને પૂછ્યું, તેં ફરિયાદ કેમ ન કરી? ખિસકોલી બોલી, ફરિયાદ કરું તોય ક્યાં કરું? આજે જનતાની સ્થિતિ આવી જ છે. ન્યાય આપનારાઓ પાસે જનતાની અપેક્ષા ભગવાન સરીખી હોય છે ને ન્યાય ન મળતાં એમનું દિલ તૂટી જાય છે. પણ એ જાય તો ક્યાં જાય? ન્યાય આપનારાઓની ઉપર છે કોણ?'

આ પ્રસંગે વરિષ્ઠ રાજયોગ શિક્ષિકા શીલૂબેને ધ્યાનનો અભ્યાસ કરાવ્યો, કાર્યક્રમનું સંચાલન લતાબેને કર્યું ને અંતે આભારદર્શન બાલમકુંદ કાબરાએ કર્યું હતું.

# વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ



સેકટર-૧ સમદર્શન આશ્રમ, એમ.પી.ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ તથા ગાંધીનગર એજયુકેશન ફાઉન્ડેશન સે-૨૨ના સંયુકત ઉપક્રમે ચામુંડાપુરા પ્રાથમિક શાળા અને સર્વોદય પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોલવડા ગામની બંને શાળાના વિદ્યાર્થીઓને ૯૦ નંગ દફતર, ૨૦૦ નંગ ચોપડા, ૧૧૦ બોલપેન, ૨૫ નંગ કલર, કંપાસ બોક્ષ, પેન્સિલ, બ્બર અને સંચા સહિતની શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરાયું હતું. આ વિતરણ કાર્યક્રમમાં સમદર્શન ટ્રસ્ટના સાધક લાલભાઈ પટેલ, એમ.પી. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટના ડાહ્યાભાઈ ચૌધરી આચાર્ય, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# યહ દિલ કી લગી ક્યા તુજકો ખબર

### ગીત-સંગીતની દુનિયા
ભાર્ગવ હરનારાયણ ભટ્ટ

ફિલ્મ : આવારા
વર્ષ : ૧૯૫૧
નિર્માતા : આર કે ફિલ્મ્સ, રાજ કપૂર
નિર્દેશક : રાજ કપૂર
સંગીતકાર : શંકર-જયકિશન
ગીતકાર : હસરત જયપુરી અને શૈલેન્દ્ર
મુખ્ય કલાકાર : પૃથ્વીરાજ કપૂર, રાજ કપૂર, નરગીસ
સહાયક કલાકાર : કે એન સિંઘ, લીલા ચીટણીસ, પ્રેમનાથ, કુકકૂ, લીલા મિશ્રા, ઓમપ્રકાશ, માસ્ટર શશી કપૂર
ગાયક કલાકાર : મુકેશ, મહંમદ રફી, મન્ના ડે, લતા મંગેશકર, શમશાદ બેગમ અને સાથીઓ
પ્રસ્તુત ગીતના ગાયક : મુકેશ
ગીતકાર : હસરત જયપુરી

ગીત

હમ તુજસે મોહબ્બત કરકે સનમ
રોતે ભી રહે, હંસતે ભી રહે
ખુશ હો કે સહે ઉલ્ફત કે સીતમ,
રોતે ભી રહે હંસતે ભી રહે
યહ દિલ કી લગી ક્યા તુજકો ખબર
ઈક દર્દ ઉઠા થર્રાઈ નઝર
ખામોશ થે હમ ઈસ ગમ કી કસમ
રોતે ભી ર હે હંસતે ભી રહે
યહ દિલ જો જલા ઈક આગ લગી
આંસુ જો બહે બરસાત હુઈ
બાદલ કી તરહ આવારા થે હમ
રોતે ભી રહે, હંસતે ભી રહે




ખ્વાજા અહેમદ અબ્બાસની વાર્તા ઉપર રાજ કપૂરે પોતાની ત્રીજી ફિલ્મ બનાવી હતી. પ્રથમ બે ફિલ્મો પ્રણય ઉપર બનાવી હતી : આગ અને બરસાદ. ફિલ્મ બરસાત બૉક્સ ઑફિસ ઉપર અત્યંત સફળ રહી હતી. જેમાં શંકર-જયકિશનના સંગીતનો સિંહફાળો હતો. રાજ કપૂર પોતે પણ ખૂબ સારો ગાયક હતો અને સંગીતનો ખૂબ સારો જાણકાર હતો. ફિલ્મ આવારાની કથાનો મુખ્ય હેતુ એ હતો કે કોઈપણ વ્યક્તિ ગુનેગાર તરીકે જન્મ નથી લેતી, પરંતુ પરિસ્થિતિ તથા આજુબાજુનું વાતાવરણ વ્યક્તિને ગુનેગાર બનવા પ્રેરણા આપે છે.

ફિલ્મમાં રાજ કપૂર અને નરગીસ બાળપણના પ્રેમી છે. સંજોગો અનુસાર બાળપણથી જ તેઓ છૂટા પડી જાય છે. રાજ કપૂર ગુનાખોરીના કુમાર્ગે આગળ વધે છે. જ્યારે નરગીસ ભણીગણીને વકીલ બને છે. ફિલ્મની વાર્તા આગળ વધે છે અને રાજ કપૂર પોતાની પાછળ પડેલા લોકોથી બચવા એક બંગલામાં ઘૂસી જાય છે અને તે બંગલામાં નરગીસના બાળપણની તસવીર જુએ છે અને ફિલ્મમાં શરૂ થાય છે જુવાન રાજ કપૂર અને નરસીગસનો પ્રેમ.

નરગીસના જન્મ દિવસે તેને ભેટ આપવા માટે રાજ કપૂર એક સરસ મજાનો હાર ઝવેરીની દુકાનમાં તેના અસલી ખરીદનાર પૃથ્વીરાજ કપૂરના બૉક્સમાંથી તફડાવે છે અને આ જ હાર નરગીસને ગળામાં પહેરાવે છે. જોગાનુજોગ પૃથ્વીરાજ કપૂર (જે ફિલ્મમાં પણ રાજ કપૂરના પિતાનું પાત્ર ભજવે છે) પણ નરગીસને તેના જન્મ દિવસે ભેટ આપવા માટે તે ગળાના હારનું બૉક્સ નરગીસને ભેટ આપે છે. નરગીસ તે બૉક્સ ખોલે છે અને ખાલી જુએ છે. પછી તે ખડખડાટ હસે છે અને પછી તરત જ પરિસ્થિતિ પામી જાય છે. જ્યારે તે પાછી ફરીને રાજ કપૂર તરફ દૃષ્ટિ કરે છે, તો તે ધીમે પગલે હૉલની બહાર જતો હોય છે.

ને ત્યારે એક લાજવાબ ગીત આવે છે, જેના પર તે જમાનાની નૃત્યાંગના કુકકૂ નૃત્ય કરે છે.

એક બેવફા સે પ્યાર કિયા...

નરગીસ જ્યારે રાજ કપૂરને જન્મ દિવસની પાર્ટીમાંથી દૂર થતો જુએ છે. રાજ કપૂર એ ઝાડ નીચે પહોંચે છે જ્યાં પોતે નરગીસ સાથે પ્રેમાલાપ કર્યો હોય છે. એ ઝાડના થડમાં રાજ કપૂર ચપ્પુથી નરગીસનું નામ કોતરે છે. અહીં પણ મુકેશના સ્વરમાં ગીત છે -

હમ તુજસે મોહબ્બત કરકે સનમ
રોતે ભી રહે, હંસતે ભી રહે

'રોતે ભી રહે' શબ્દો રાજ કપૂર ચપ્પુને કહેતો હોય એમ દેખાય છે ને 'હંસતે ભી રહે' શબ્દો ગવાય ત્યારે ટચૂકડા પડદા પર નરગીસ દેખાય છે...

# બૅચલર ઓફ આર્કિટેક્ચર માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

## કોલેજોની ૧૬૯૦ પૈકી ૯૮૦ બેઠકોને મંજૂરી પ્રવેશ માટેની કાર્યવાહી ૯ જુલાઈ સુધી ચાલશે

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં આવેલી બેચલર ઓફ આર્કિટેક્ચર કોલેજોમાં પ્રવેશ માટે ૨૭ જૂનથી એડમિશન કમિટી દ્વારા પ્રવેશ કાર્યવાહીનો આરંભ કરવામાં આવ્યો છે. રાજ્યમાં આવેલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી ૩૦ જેટલી કોલેજોમાં પ્રવેશ માટે વેબબેઝ્ડ ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ધોરણ-૧૨માં ૫૦ ટકા અથવા તો ડિપ્લોમામાં ૫૦ ટકા મેળવનાર અને નાટા ક્વોલિફાઈડ વિદ્યાર્થી પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરી શકે છે. બેંકમાંથી પીન મેળવી ઓનલાઈન રજિસ્ટ્રેશન વિદ્યાર્થીઓ કરાવી શકશે અને હેલ્પ સેન્ટર પર ડોક્યુમેન્ટ સાથે રજિસ્ટ્રેશન ફોર્મ જમા કરાવી શકશે. આ કાર્યવાહી ૯ જુલાઈ સુધી કાર્યરત રહેશે.

# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસના પહેલા સપ્તાહનો વિષય છે :

## 'મારા પ્રેમાળ પાડોશી'